INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૫-૦૨-૨૦૨૬**

- **ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર ભાજપ - સંઘના ઘુંટણીએ પડી ગયા છે - 'રબર સ્ટેમ્પ' જેમ વર્તી રહ્યાં છે.**
- **ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર ફરી વખત પોતાની સત્તા અને પદ ટકાવી રાખવા માટે હવાતીયા મારી રહ્યાં છે : ગંદા હે પર ધંધા હે તેવી નીતિ અપનાવી રહ્યાં છે.**
- **નિર્દોષ વિદ્યાર્થીઓને આપેલી અન્યાયી નોટિસો તાત્કાલિક પાછી ખેંચવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં NSUI આખા કેમ્પસમાં ઉગ્ર "હલ્લાબોલ" કાર્યક્રમ યોજશે.**
- **NSUIના આગેવાનો શિવરાજ બારડ અને યશરાજ ખેર જેઓ આંદોલન સમયે હાજર ન હતા છતાં રાજકીય કિન્નાખોરી રાખીને તેમને નિશાન બનાવી રહ્યાં છે.**

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી તાનાશાહી, શૈક્ષણિક અરાજકતા અને નિર્દોષ વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવાના વિરોધમાં NSUI અને કોંગ્રેસ દ્વારા આયોજીત પત્રકાર પરિષદ સંબોધન કરતા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિષો આક્ષેપ કરે છે કે, હિંદુ ધર્મની લાગણીઓ દુભાઈ છે. પરંતુ જે વિદ્યાર્થીઓના નામ પત્રમાં લખવામાં આવેલ છે તે દરેક વિદ્યાર્થી સનાતન ધર્મમાંથી આવે છે. તો શું એ પોતાના ધર્મનું અપમાન કરશે ? ગુજરાત યુનિવર્સિટી કહે છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા વિભુતીનું અપમાન કર્યું છે પરંતુ આ કાર્યક્રમમાં દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ પણ છે અને સંવિધાનમાં માનનારા વિદ્યાર્થીઓ પણ છે. યુનિવર્સિટીના સત્તાધીશો આક્ષેપ કરે છે કે, આ વિદ્યાર્થીઓએ ગાંધીજીનું અપમાન કર્યું છે. પરંતુ આ એજ વિદ્યાર્થીઓ છે જેમણે ગોડસેના નાટકનો વિરોધ કર્યો હતો. તો શું આ વિદ્યાર્થીઓ ગાંધીજીનું અપમાન કરી શકે ખરા ? આ એ જ વિદ્યાર્થીઓ છે જે ગોડસેના વિરોધમાં અને ગાંધીજીના પક્ષમાં વાત કરી રહ્યાં છે. જેઓ સંવિધાનના પક્ષમાં અને ડૉ. બાબાસાહેબ આંબેડકર તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના પક્ષમાં વાત કરી રહ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર ફરી વખત પોતાની સત્તા અને પદ ટકાવી રાખવા માટે : ગંદા હે પર ધંધા હે તેવી નીતિ અપનાવી રહ્યાં છે. યુનિવર્સિટીને RSS અને ભાજપનો રાજકીય અડ્ડો બનાવી દેવામાં આવ્યો છે. શું કુલપતિ ભાજપ, આર.એસ.એસ. કે એ.બી.વી.પી.ના કાર્યકર છે ? નિર્દોષ વિદ્યાર્થીઓ પર 'રાજકીય કિન્નાખોરી': NSUIના આગેવાનો શિવરાજ બારડ અને યશરાજ ખેર, જેઓ આંદોલન સમયે હાજર પણ નહોતા,

તેમને જાણી જોઈને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. શિવરાજ ક્લાસમાં અભ્યાસ કરતો હોવા છતાં તેને સસ્પેન્ડ કરવાની ધમકી આપી સત્તાધીશો સરકારની "જી હુઝુરી" કરી રહ્યા છે.

ઓલ ઈન્ડિયા માઈનોરીટી વિભાગના વાઈસ ચેરમેનશ્રી શાહનવાઝ શેખે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને પુરાવાઓ સાથે છેડછાડ: કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના આક્ષેપો અને વિરોધ પક્ષના અવાજને દબાવવા માટે સીસીટીવી ફૂટેજમાં પણ છેડછાડ કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ લગાવાયો છે. જે વિદ્યાર્થીઓએ બાબા સાહેબ આંબેડકરના બંધારણીય મૂલ્યોની વાત કરી અને ગોડસેના નાટકનો વિરોધ કર્યો, તેમની કારકિર્દી ખતમ કરવાના ખતરનાક મનસૂબા ઘડાઈ રહ્યા છે. કેમ્પસમાં મુક્ત પણે નશાનો કારોબાર થઈ રહ્યો છે. યુનિવર્સિટી જે વિદ્યાનું ધામ ગણાય છે, ત્યાં અગાઉ દારૂની બોટલો મળી આવ્યા બાદ હવે ખુદ કેમ્પસમાં ગાંજાના છોડ મળી આવવાની ઘટના અત્યંત આઘાતજનક છે. સત્તાધીશો આ ગંભીર મુદ્દે મૌન સેવી રહ્યા છે, જે સૂચવે છે કે ક્યાંક ને ક્યાંક આમાં તેમની મિલીભગત અથવા નિષ્ફળતા છુપાયેલી છે. યુનિવર્સિટીના સર્વોચ્ચ અને સંવિધાનિક પદ પર બેઠેલા કુલપતિ અને કુલસચિવ શૈક્ષણિક કાર્યમાં ધ્યાન આપવાને બદલે ABVP ના અધિવેશનોમાં હાજરી આપીને પોતાની વફાદારી સાબિત કરી રહ્યા છે. નિર્દોષ વિદ્યાર્થીઓને આપેલી અન્યાયી નોટિસો તાત્કાલિક પાછી ખેંચવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં NSUI આખા કેમ્પસમાં ઉગ્ર "હલ્લાબોલ" કાર્યક્રમ યોજશે અને જરૂર પડે ગાંધી ચિંધ્યા માર્ગે આમરણાંત ઉપવાસની તૈયારી પણ દર્શાવવામાં આવી છે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સોનલબેન પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રીયા, પરીક્ષા પદ્ધતીથી મહત્વની કામગીરી કરવાને બદલે રાજકીય અબાડો બન્યો હોય તેવી કામગીરી કરી રહ્યાં છે. પ્રતિનિધિના વિદ્યાર્થીઓ શૈક્ષણીક સુવિધા અને વાતાવરણ આપવાને બદલે બિન શૈક્ષણિક અને રાજકીય કાર્યક્રમોમાં મોકલવામાં આવી રહ્યાં છે. યુનિવર્સિટીમાં મોટા પાયે અધ્યાપકોની ઘટ, કર્મચારીઓની ઘટ અને સુવિધાઓનો અભાવ છે. એ સુધારવાની જગ્યાએ કુલપતિ નિર્દોષ વિદ્યાર્થીઓ ઉપર સુરાતન કેમ દેખાડી રહ્યાં છે ?

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિરેન બેંકર, અમદાવાદ જિલ્લા NSUI પ્રમુખ બકુલ મકવાણા, ગુજરાત NSUI મહામંત્રી રાહીલ શીરમાન, વિક્રમસિંહ ગોહિલ, ગુજરાત સોશિયલ મીડિયા ચેરમેન આશિષ કાતરીયા અને ગુજરાત યુનિવર્સિટી NSUI પ્રમુખ યશરાજસિંહ ખેર ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા,
મો. 9898134146